# Government Arts College,Kaparada
# સરકારી વિનયન કોલેજ કપરાડા

મુ.પો.- કપરાડા નિશાળ ફળિયા પાણીની ટાંકી પાસે તા.- કપરાડા જી.- વલસાડ, પિનકોડ નં. ૩૯૬ ૦૬૭
સ્થાપના વર્ષ ૨૦૧૨ ઇ-મેઇલ : gackaparada@gmail.com, URL: www.kapradacollege.org


---

GACK/ 2022/એ.જુ.યો/આભારદર્શનપત્ર/720-726 DATE: 26/12/2022

પ્રતિ,
મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી,
કપરાડા,
તા. કપરાડા, જિ. વલસાડ.

વિષય : સરકારી વિનયન કૉલેજ, કપરાડાની પાણીની સમસ્યા દૂર થતા આભારદર્શન પત્ર

સંદર્ભ : (૧) અત્રેની સંસ્થાનો મામલતદારશ્રી, કપરાડાને કરેલ રજુઆત પત્ર ક્રમાંક સ.વિ.કૉ.ક/૨૦૨૨/૫૮૧ તા. ૧૬/૦૯/૨૦૨૨

(૨) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બૉર્ડનો પત્ર ક્રમાંક પીબી/ કપરાડા/સ્વાગત કાર્યક્રમ/૬૦૧/૨૦૨૨ તા. ૨૦/૦૯/૨૦૨૨

(3) પત્ર ક્રમાંક GACK/2022/એ.જુ.યો./588 to 590 તા.23/09/2022

માનનીય સાહેબશ્રી,

અત્રેની સંસ્થામાં પાણીની ગંભીર સમસ્યાને તા. ૧૬/૦૯/૨૦૨૨ના રોજ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં લેવા માટે આપશ્રીનો ખૂબ ખૂબ આભાર. જેના પરીણામે તા.૧૪/૧૧/૨૦૨૨ ના રોજ એસ્ટોલ યોજનાથી અત્રેની સંસ્થામાં પાણી આવી ગયેલ. તા.૨૨/૧૨/૨૦૨૨ ના રોજ વનવાસી ગર્લ્સ હોસ્ટેલ તરફથી પાણી સંસ્થામાં આવેલ.

એસ્ટોલ યોજનાથી અત્રેની સંસ્થામાં પાણી લાવવામાં પાણી પુરવઠા ધરમપુરનો પણ સમ્પૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો, એમનો પણ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

વનવાસી ગર્લ્સ હોસ્ટેલ તરફથી પાણી સંસ્થામાં આવેલ, જેમાં ગ્રામ પંચાયત, કપરાડાનો સહયોગ પ્રાપ્ત થયેલ છે, જેથી એમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

પાણીની બાબતે હંમેશા ચિંતિત રહેતા આચાર્યશ્રી, સરકારી વિનયન કૉલેજ, કપરાડાના માર્ગદર્શન હેઠળ આ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ. તેમજ આચાર્યશ્રી અત્રેની સંસ્થાના અધ્યાપકશ્રી ડૉ. પી.બી. કુરકુટિયા, પ્રા. એમ.પી.પટેલ, ગ્રંથપાલશ્રી એ.એન.પરમાર, શ્રેયાન કારકુન શ્રી વી.બી.જાદવની નોંધપાત્ર કામગીરીને બિરદાવે છે. આશરે ૬ જગ્યાએ તૂટેલ પાઈપ તે પણ અમુક જગ્યાએ બીજો છેડો શોધવો પણ ખૂબ અઘરૂ હતું.

અત્રેની સંસ્થાના આઉટસોર્સિંગ ચતુર્થ શ્રેણીના કર્મચારીઓ વિશેષમાં ભાઈશ્રી યુવરાજે નોંધપાત્ર કામગીરી કરેલ.

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

CamScanner

માનનીય પ્રાંત અધિકારીશ્રી, ધરમપુરનો પણ સહૃદય આભાર વ્યક્ત કરીએ છીએ. આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓ આગળ વધે તે હેતુથી સરકારશ્રી દ્વારા શરૂ કરેલ સંસ્થામાં પાણી જેવી મૂળભૂત જરૂરિયાત પુરી પાડવા માટે આપનો આભાર.

મામલતદાર સાહેબશ્રી આપે પવિત્ર નદી દમણગંગાનું પાણી કૉલેજ કેમ્પસથી આશરે અડધો કિલોમીટર દૂર આવેલ ટાંકીમાંથી બે ઈંચ નળ કનેકશન દ્વારા સીધું કૉલેજ સુધી અપાવી જે ભગીરથ કાર્ય કરેલ છે, તે કાયમ માટે અવિસ્મરણીય રહેશે.

આ કાર્યમાં તાલુકા પંચાયત, કપરાડાનો પણ સહકાર મળેલ હોય, એમનો પણ આભાર માનીયે છીએ.

ગ્રામ પંચાયત કચેરી, કપરાડાએ ઘણા સમયથી બિન ઉપયોગી રહેવાના કારણે બંધ પડેલ નદીના સ્રોતવાળી મોટરને રીપેર કરવાની કામગીરી, ખોદકામ માટે JCB ઉપલબ્ધ કરવાની કામગીરીથી માંડીને તૂટી ગયેલ પાઈપને Replace કરાવવા માટેનો સહકાર આપેલ. જેની કૉલેજ સહર્ષ નોંધ લે છે. સાથે સાથે, કૉલેજને નિયમિત પાણી મળતું રહે તે માટે ગ્રામ પંચાયત, કપરાડાને અત્રેની સંસ્થા દ્વારા વિનંતી કરવામાં આવે છે.

માનનીય કલેકટરશ્રી વલસાડ, પ્રાયોજના વહિવટદારશ્રી વલસાડ, અધિક કલેકટરશ્રી વલસાડ, માનનીય અગ્રસચિવશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, ગાંધીનગર, માનનીય કમિશનરશ્રી ઉચ્ચ શિક્ષણ, માનનીય અધિક કમિશનરશ્રી ઉચ્ચ શિક્ષણ આ તમામ અધિકારીશ્રીઓનો સહૃદય આભાર વ્યક્ત કરીએ છીએ.

કૉલેજ કેમ્પસમાં વૃક્ષોનું જતન કરીશું, ફૂલછોડ ઉગાડીશું, વૉશરૂમ પણ સાફ રાખીશું તેમજ પાણીનો બગાડ પણ થવા દઈશું નહીં તે બાબતની ખાત્રી આપીએ છીએ.

પાણીની સમસ્યા દૂર થવાને કારણે કૉલેજના તમામ વિદ્યાર્થીઓ, સમગ્ર સ્ટાફ અત્યંત આનંદની લાગણી અનુભવે છે આથી ફરી એક વાર, આ ભગીરથ કાર્યમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે પણ અધિકારીશ્રી, કર્મચારીશ્રી સહભાગી બન્યા છે તે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

આચાર્ય
સરકારી વિનયન કૉલેજ કપરાડા
જિ.વલસાડ

CamScanner

નકલ સવિનય રવાના:-

૧) માનનીય અગ્રસચિવશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, બ્લોક નં. ૫, નવા સચિવાલય, ગાંધીનગર

૨) માનનીય ડાયરેક્ટરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૨,
ડૉ. જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, ગાંધીનગર

3) માનનીય અધિક કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૨,
ડૉ. જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, ગાંધીનગર

૪) માનનીય કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા સેવાસદન, વલસાડ

૫)માનનીય પ્રાયોજના વહિવટદારશ્રી, પ્રાયોજના વહિવટદારશ્રીની કચેરી, ટ્રાયબલ સબપ્લાન, જિ. વલસાડ

૬) માનનીય અધિક કલેકટરશ્રી, કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીની કચેરી, વલસાડ,

૭) માનનીય પ્રાંત અધિકારીશ્રી, ધરમપુર, જિ. વલસાડ

૮) તાલુકા વિકાસ અધિકારીશ્રી, કપરાડા, જિ. વલસાડ

૯) સરપંચશ્રી, ગ્રામ પંચાયત કચેરી, કપરાડા

૧૦) એક્ઝીક્યુટીવ ઈજનેરશ્રી, પાણી પુરવઠા, અબ્બાસ ચેમ્બર્સ, જિલ્લા સેવાસદન-રની સામે, વલસાડ

૧૧) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાણી પુરવઠા બોર્ડ, રોયલ ફર્નિચરની બાજુમાં, પહેલો માળ,
હાથીખાના, ધરમપુર.

૧૨) ડૉ. પી.બી. કુરકુટિયા, સરકારી વિનયન કૉલેજ, કપરાડા

૧૩) પ્રા. એમ.પી.પટેલ, સરકારી વિનયન કૉલેજ, કપરાડા


૧૪) શ્રી એ.એન.પરમાર, સરકારી વિનયન કૉલેજ, કપરાડા

૧૫) શ્રી વી.બી.જાદવ, સરકારી વિનયન કૉલેજ, કપરાડા

૧૬) સદર કચેરી ફાઈલ

Received 26/12/2022
રવાનગી કારકુન
મામલતદાર કચેરી કપરાડા
મુ. પો. તા. કપરાડા, જિ. વલસાડ

Govt. Arts College-Kaparada * Dist. Valsad *



અસ્ટોલ યોજના થી સરકારી વિનયન કોલેજ કપરાડામાં આવતો પાણી

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.



બનવાસી કન્યા છાત્રાલય તરફથી સરકારી વિનયન કોલેજ કપરાડામાં આવતો પાણી

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.